# રાજ્યમાં કોરોનાના વધુ ૬૦૯૭ કેસ

## સાજા થવાનો દર પણ ઘટીને ૯૫.૦૯ ટકાએ પહોંચ્યો : અત્યાર સુધીમાં કુલ ૮,૨૫,૭૦૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે : ૩૨૪૪૦ નાગરિકો સ્ટેબલ છે

ગાંધીનગર, તા.૧૦
ગુજરાતમાં કોરોનાનો આંકડો દિવસેને દિવસે બેકાબુ થઈ રહ્યો છે. રાજ્યમાં ૬૦૯૭ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં કુલ ૧૫૩૯ દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે.

અત્યાર સુધીમાં કુલ ૮,૨૫,૭૦૨ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે સાજા થવાનો દર પણ ઘટીને ૯૫.૦૯ ટકાએ પહોંચી ચુક્યો છે. બીજી તરફ રસીકરણના મુદ્દે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજના દિવસમાં કુલ ૩,૮૨,૭૭૭વ્યક્તિઓને રસીના ડોઝ આપવામાં આવી ચુક્યાં છે. જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૩૨૪૬૯ નાગરિકો એક્ટિવ કેસ છે. જે પૈકી ૨૯ નાગરિકો વેન્ટીલેટર પર છે. ૩૨૪૪૦ નાગરિકો સ્ટેબલ છે. ૮૨૫૭૦૨ નાગરિકો અત્યાર સુધી કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. ૧૦૧૩૦ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. આજના દિવસમાં બે નાગરિકોના મોત થઈ ચુક્યાં છે.

બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૪૬ને પ્રથમ ૪૬૪ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૫ વર્ષથી વધારેની ઉમરના ૧૨૪૮૭ ને પ્રથમ અને ૨૬૪૬૯ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે.

૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૬૮૦૪૭ને રસીનો પ્રથમ અને ૭૨૦૧૫ ને રસીનો બીજો ડોઝ અપાયો છે. ૧૫-૧૮ વર્ષના નાગરિકો પૈકી ૫૨૨૫૬ તરૂણોને પ્રથમ ડોઝ અપાયો હતો. જ્યારે ૧૫૦૯૯૩ નાગરિકોને પ્રિકોર્શન ડોઝ અપાયા હતા. આજના દિવસમાં કુલ ૩,૮૨,૭૭૭ રસીના ડોઝ અપાયા હતા. અત્યાર સુધીમાં કુલ ૯,૩૫,૦૧,૫૯૪ રસીના ડોઝ અપાઈ ચુક્યાં છે.



શ્રી જલીયાણા સેવા ગ્રુપ દ્વારા સેક્ટર-૧૬, અંધશાળાના બાળકોને પાણીપુરી ખવડાવવામાં આવી હતી જ્યારે સેક્ટર-૨૩ છાપરાના બાળકોને ડ્રાયફ્રૂટ, ચોકલેટ અને નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત વડોદરા ગામની પ્રાથમિક શાળામાં પેન્સિલ, રબ્બર, સંચો, ફૂટપટ્ટીની કીટ તેમજ ડ્રાયફ્રૂટ અને ચોકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# નવ આઈએએસ અધિકારીઓની બઢતી-બદલીના આદેશ કરાયા

ગાંધીનગર, તા. ૧૦
મોડી સાંજે રાજ્યના ૯ ઉચ્ચ આઈએએસ અધિકારીઓની બદલીના આદેશ રાજ્ય સરકારે કર્યા છે. ટુરીઝમ કોર્પોરેશનના મેનેજીંગ ડીરેક્ટર જેનુ દેવનને બઢતી આપીને સ્ટેમ્પ ડ્યુટીના સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે મુકવામાં આવ્યા છે જ્યારે ઔડાના સીઈઓ એ.બી. ગોરની વડોદરા કલેક્ટર તરીકે બદલીના આદેશ કરાયા છે.

કેન્દ્ર સરકારના શિક્ષણ મંત્રાલયમાં ડેપ્યુટેશન પર રહેલા ડૉ. અજયકુમારને બઢતી આપવામાં આવી છે. જ્યારે ટુરીઝમ કોર્પોરેશનના મેનેજીંગ ડીરેક્ટર જેનુ દેવનને પ્રમોશન અપાયુ છે. શ્રમ આને રોજગારના કમિશનર તરીકે વધારાનો હવાલો પણ તેઓએ સંભાળવાનો રહેશે. રોજગાર અને તાલીમના ડાયરેક્ટર આલોકકુમાર પાંડેને બઢતી આપી ટુરીઝમ કોર્પોરેશનના મેનેજીંગ ડીરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. ભારત સરકારમાં ડેપ્યુટેશન પર રહેલા રવિકુમાર અરોરાને બઢતી અપાઈ છે. વડોદરાના કલેક્ટર આર.બી. બરાડને બઢતી આપી વન અને પર્યાવરણ વિભાગમાં મુકવામાં આવ્યા છે. મુખ્યમંત્રીના ખાસ ફરજ પરના અધિકારી ડૉ. એમ.ડી. મોડીયાને બઢતી અપાઈ છે. જ્યારે સ્ટેમ્પ ડ્યુટીના સુપ્રિન્ટેન્ડેન્ટ ડી.જી. પટેલની બદલી કરી તેઓને કો-ઓપરેટીવ સોસાયટીના કમિશનર પદે મુકવામાં આવ્યા છે. જ્યારે કો-ઓપરેટીવ સોસાયટીના રજીસ્ટ્રાર ડી.પી. દેસાઈની બદલી કરી તેઓને ઔડાના ચીફ એક્ઝુક્યુટીવ ઓફીસર તરીકે મુકવામાં આવ્યા છે. જ્યારે ઔડાના હાલના ચેરમેન એ.બી. ગોરની બદલી કરીને તેઓને વડોદરા કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે.

### આર. બી. બારડ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન તરીકે નિમાયા

રાજ્ય સરકારે વડોદરાના કલેક્ટર તરીકે ફરજો બજાવતા આર.બી. બારડની બદલી કરી અને તેમને ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના ચેરમેન તરીકે નિયુક્ત કર્યા છે.

આજે મોડી સાંજે રાજ્યના વન અને પર્યાવરણ વિભાગે આ અંગેના વિધિવત હુકમો જારી કરી દીધા છે.

### યુવક ગુમ થયેલ છે

ગાંધીનગર ચિલોડાને અડીને આવેલા શિહોલી મોટી ગામના જયદિપ બકાભાઈ પ્રજાપતિ (ઉં.૨૭) ગત તા.૭ જાન્યુઆરીને ૨૦૨૨ ના રોજ સવારના ૭ વાગે પોતાના ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા



વિના જતા રહ્યા છે. જે આજદિન સુધી પરત ફર્યા નથી. ૨૭ વર્ષિય જયદિપ પ્રજાપતિની ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. રંગે ઘઉંવર્ણો તેમજ પાતળા બાંધાનો અને શરીરે મરૂન કલરનુ ઝેકેટ પહેરેલ છે. તે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે. યુવક અંગે કોઈને પણ કંઈ પણ માહિતી કે પત્તો મળે તો ચિલોડા પોલીસ મથકનો સંપર્ક કરવો.

# આજથી રાજ્યભરમાં કરૂણા અભિયાન

## રાજ્યભરમાં ૭૦૦ થી વધુ પક્ષી નિદાન કેન્દ્રો - ૬૨૦ થી વધુ તબીબો અને ૬ હજારથી વધુ સેવાભાવી સ્વયંસેવકો 'કરૂણા અભિયાન'માં સહભાગી થશે

ગાંધીનગર, તા. ૧૦
આગામી ઉત્તરાયણ પર્વ દરમ્યાન પતંગની દોરીથી કોઇ અબોલ પક્ષી-પશુ ઘાયલ ન થાય તેની પૂરતી સતર્કતા સાથે તા.૧૦મી જાન્યુઆરીથી તા. ૨૦મી જાન્યુઆરી-૨૦૨૨ દરમ્યાન રાજ્યવ્યાપી કરૂણા અભિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરણા અને દિશાદર્શનમાં યોજાશે.

આ અભિયાનના દિવસો દરમ્યાન સમગ્ર રાજ્યમાં દરરોજ સવારે ૭ થી સાંજે ૬ કલાક સુધી તમામ તાલુકાઓમાં વન વિભાગ દ્વારા કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવશે.

''જીવો, જીવવાદો અને જીવાડો''ની જીવદયા ભાવના સાથે મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં વન વિભાગે આ વર્ષે ઉત્તરાયણ પર્વ દરમ્યાન ઘાયલ થતાં પક્ષીઓની ત્વરિત સારવાર વ્યવસ્થા માટે વોટ્સએપ નંબર તથા વેબસાઈટ પણ કાર્યરત કર્યા છે.

તદઅનુસાર, વોટ્સએપ નં. ૮૩૨૦૦૦૨૦૦૦ ઉપર 'દ્દર્ટ્ટહિટ્ટ' મેસેજ ટાઈપ કરવાથી કે વેબસાઈટ ર્જઃ// હૈં.ક્ષ્અ.દ્દર્ટ્ટહિટ્ટક્ટ્ટહ્વરૈઅટ્ટહ ઉપર કલીક કરવાથી જિલ્લાવાર પક્ષી સારવાર કેન્દ્રોની વિગતો મળી શકશે.

એટલું જ નહિ પશુપાલન વિભાગના હેલ્પ લાઈન નંબર ૧૯૬૨ ઉપર ઘાયલ પક્ષીઓની સારવાર માટે મદદ લઈ શકાશે.

આગામી ઉત્તરાયણ દરમ્યાન જો કોઈ પક્ષી ઘાયલ થાય તો તેની સારવાર માટે રાજ્યભરમાં આ વર્ષે ૭૦૦ થી વધુ પક્ષી નિદાન સારવાર કેન્દ્રો, ૬૨૦ થી વધારે તબીબો તેમજ ૬૦૦૦ ઉપરાંતની સંખ્યામાં સેવાભાવી સ્વયંસેવકો સેવારત રહેવાના છે.

ઉત્તરાયણ જેવા તહેવારો અને લોકોત્સવોની ઉજવણી દરમ્યાન અબોલ જીવોની ચિંતા કરી તેની સારવાર-માવજતનું આ કરૂણા અભિયાન ગુજરાતની આગવી પહેલ બન્યું છે. પાછલા પાંચ વર્ષોમાં અંદાજે ૫૦ હજારથી વધુ પક્ષીઓની કરૂણા અભિયાન અન્વયે સારવાર-સુશ્રુષા કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષે ઉત્તરાયણ તહેવારોમાં પક્ષીઓ પતંગ દોરીથી ઘાયલ ન થાય તેની તકેદારી રાખીને તહેવાર ઉજવવા સૌને અપિલ કરી છે.

### સેક્ટર-૩ ન્યું ગોપી ભજન મંડળ દ્વારા ૫૦ કિલો લાડુ શ્વાનને ખવડાવ્યા

ઉતરાયણને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. ત્યારે મકરસંક્રાતિના દિવસે ગાયને ઘાસ, અને શ્વાનને લાડુ ખવડાવી પુણ્યનું ભાથુ નાગરીકો બાંધતા હોય છે.ત્યારે શ્વાન માટે વિવિધ સેકટરમાં મહિલાઓ દ્વારા લાડુ બનાવવાની કામગીરીનો પ્રારંભ થઈ ગયો છે. જેથી સેકટર-૩ ન્યુ ગોપીભજન મંડળ અને આરટીઓ પાસે રહેતી બહેનો દ્વારા શ્વાન માટે ૫૦ કિલો લાડુ તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સેકટર-૩ ન્યુ અને આસપાસના વિસ્તારના શ્વાનને લાડુનું વિતરણ કરી પુણ્ય કરી સેવા કાર્ય કર્યું હતું.

### ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ પ્લોટ નં.૬૦૮ ખાતે રહેતા હીરાલાલ.બી વરીયાનું ગત તા.૮-૧-૨૨ ના રોજ ૭૩ વર્ષની ઉંમરે દુઃખદ અવસાન થતા તેમના કુટુંબીજન દિવ્યાબેન વરીયાની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું. આ કાર્યમાં તબિબિ સેવા ડો.વ્યોમાએ પુરી પાડી હતી.જયારે જુસીકાના કાર્યકર મનીષ પંચાલ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી હતી.

# જીઈબી ડમ્પીંગ સાઈટની બાજુમાં છાપરામાંથી દારૂનો જથ્થો ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦
શહેરના સેકટર-૩૦ ડમ્પીંગ સાઈટની બાજુમાં છાપરામાંથી એલસીબી-૨ પોલીસે રૂ.૪૨ હજારથી વધુનો દારૂની નાની-મોટી બોટલ અને ટીન કુલ નંગ-૩૪૬ મળી આવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ ટીમના પીએસઆઈ એસ.પી.જાડેજા અને પી.ડી.વાઘેલા સહિતના જવાનો સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા તે દરમિયાન બાતમી મળી હતી કે જીઈબી ડમ્પીંગ સાઈટની બાજુમાં વલવાઈ કપીલભાઈ જેતાભાઈ છાપરુ બનાવી રહે છે. તેના છાપરામાં નિકુંજ જયસ્વાલે દારૂનો જથ્થો સંતાડ્યો છે.જેથી પોલીસે આવી છાપરામાં તપાસ કરતા બે શખ્સો મળી આવ્યા હતા. છાપરાની અંદર મીણીયાના કોથળામાં દારૂ-બિયરનો જથ્થો સંતાડ્યો હતો. પોલીસે એક શખ્સનું નામ પુછતા તેણે નિકુંજ મુકેશ જયસ્વાલ (ઉં.૨૫,મકાન નં.૧૧૪ ડબલ ડેકર સે-૨૪) તેમજ બીજા શખ્સનું નામ વલવાઈ કપીલ જેતાભાઈ (ઉં.૩૬ મુળ રહે.હિંગલા તા.ફતેપુરા જી.દાહોદ) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે છાપરામાં રહેલા દારૂ નાની મોટી બોટલ અને બિયરના ટીન મળી કુલ નંગ-૩૪૬ કિં.રૂ.૪૨,૯૨૦ નો દારૂ-બિયરનો જથ્થો કબ્જે કરી બે શખ્સો સામે પ્રોહી એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



લોદરા ગામના જ પણ હાલ વિદેશમાં વસતા, જેમના હૃદયમાં વતનનો ધબકાર છે એવા વતન પ્રેમી યુવાનો દ્વારા કાર્યરત ''સમર્પણ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ'' દ્વારા ગામની પ્રાથમિક શાળા નં ૧ અને ૨ માં ભણતા તમામ ૨૮૦ બાળકોને માણસા તાલુકા મામલતદાર વિશાલભાઈ પટેલના વરદ હસ્તે ગણવેશ વિતરણ કરવામાં આવ્યું. આમ વતનપ્રેમને ઉજાગર કરતા આ યુવાનો સાચા અર્થમાં માતૃભૂમિનું ઋણ અદા કરી રહ્યાં છે.

### વ્રજ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ સાયન્સના વિદ્યાર્થીઓનું પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર, તા. ૧૦
વ્રજ ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર મોટા ચિલોડા, ગાંધીનગર નાં જી.એન.એમ. અને એ.એન.એમ.નાં છેલ્લા વર્ષનાં વિદ્યાર્થીઓ ખુબ જ સારૂ પરિણામ લાવી કોલેજનું ગૌરવ વધારેલ છે. જેમાં જી.એન.એમ.માં પ્રથમ ક્રમે ગોંડલીયા શીતલ ચંદુભાઈ, બીજા ક્રમે દાફડા પરેશ છગનભાઈ, ત્રીજા ક્રમે પટેલ પાયલ વલ્લભભાઈ તથા એ.એન.એમ.માં પ્રથમ ક્રમે ગરાસીયા શીતલ દિનેશભાઈ, અને બીજા ક્રમે રાઠવા પારૂલ અર્જુનભાઈ આવ્યા હતા. જી.એન.એમ. અને એ.એન.એમ.ના દરેક વિદ્યાર્થીઓનું કોલેજના પ્રેસિડેન્ટ ડૉ. અશ્વિનભાઈ પટેલ દ્વારા આવું ઉત્કૃષ્ટ પરિણામ લાવવા માટે મોમેન્ટો આપી શુભેચ્છાઓ આપી હતી. તથા કોલેજના પ્રિન્સિપાલ રીતેશ જેઠી તથા કોલેજનાં દરેક અધ્યાપકોએ અને સમગ્ર કોલેજ પરિવારે પણ આવું સારૂ પરિણામ લાવી કોલેજનું ગૌરવ વધારવા બદલ અભિનંદન અને શુભેચ્છાઓ આપી હતી. પ્રિન્સિપાલ અને કોલેજ પરિવાર દ્વારા વિદ્યાર્થોઓને સમાજમાં કોરોનાની વૈશ્વિક મહામારીમાં લોકોને મદદરૂપ થઈ શકે તે માટે પ્રોત્સાહિત કર્યા હતા. અને સમાજમાં જઈ માનવતાની સેવાના યજ્ઞમાં પોતાનો ફાળો આપવા માટે તૈયાર કર્યા હતા.



ઉત્તરાયણ નજીક આવતા પતંગ દોરીનું વેચાણ તો વધ્યું જ છે સાથોસાથ દાન-પુણ્યનો મહિમા વધતો જાય છે. સંત શ્રીરોહિદાસ મહિલા ભજન મંડળ દ્વારા ઉત્તરાયણ પર્વે કુતરાઓ માટે લાડુ બનાવી તેનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# ચંદ્રાલા ગામે ઊંઝા ઉમિયા માતાજી સંસ્થાનના નવનિયુક્ત પ્રમુખ બી.જે. પટેલનું સન્માન



ચિલોડા,તા. ૧૦
માતાજી સંસ્થાન ઊંઝાના નવનિયુક્ત પ્રમુખ દસક્રોઈ ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલને સંસ્થાના પ્રમુખ બનવા બદલ ગાંધીનગર તાલુકાના ચંદ્રાલા ગામમાં ઉમિયા માતાજીના મંદિરમાં તેમનો સન્માન સમારોહ યોજાયો હતો. આ સન્માન સમારોહમાં પાટીદાર સમાજના અગ્રણી ઉર્વેશ પટેલ (મજરા), ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઈ પટેલ અને ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લાના પાટીદાર અગ્રણીઓ, યુવાનો સાથે વિચાર વિમર્શ કરી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝાના વિવિધ યોજનાની માહિતી આપી હતી અને આ કોવિડ-૧૯ મહામારીમાં જ્યાં જરૂર પડે ત્યાં સહાયરૂપ થવાની ખાતરી આપી હતી. આ ઉપરાંત શિહોલી મોટી ગામમાં મા ઉમિયાના શિખરબદ્ધ મંદિરનું કામ ચાલુ છે ત્યાં મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યું હતું.



ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની નાદરી ચાંદી શાહ પ્રાથમિક શાળામાં શાળાના તમામ બાળકોને સ્કૂલ યુનિફોર્મ, બુટ-મોજાં તથા પેન્સિલ, રબર, ફૂટપટ્ટી અને બોલપેનનો સેટ દાતાઓ દિનેશભાઈ શાહ, ડો. રમેશભાઈ શાહ, નરેશભાઈ શાહ તરફથી ભેટ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે શાળાના આચાર્યા કોકિલાબેન શામજીભાઈ ચૌધરી તથા શાળા સ્ટાફ પરિવારે દાતાઓનો આભાર માન્યો હતો.

### અતિસંક્રમણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશમાં ઓમિક્રોનના કુલ કેસ ૪,૦૩૩ થયા છે. કોરોનાના વધતા કેસ વચ્ચે આજથી દેશભરમાં પ્રીકોશન ડોઝ રસીકરણ શરૂ થઈ ગયું છે. આજે સવારે ૯ વાગ્યાથી પ્રીકોશન ડોઝ દેશભરના સ્વાસ્થ્યકર્મીઓ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૬૦ વર્ષ કે તેનાથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી રહ્યો છે. આ ત્રીજો પ્રીકોશન ડોઝ એવા સ્વાસ્થ્યકર્મીઓ, ફ્રન્ટલાઈન વર્કર્સ અને ૬૦ વર્ષથી વધુ વયના લોકોને મળશે જેમને કોવિડ રસીનો બીજો ડોઝ મળ્યાને ૯ મહિનાથી વધુ સમય વીતી ચૂક્યો હશે. તમામ ફ્રન્ટલાઈન વર્કર્સ તથા હેલ્થકેર વર્કર્સ તથા ૬૦ વર્ષ અને તેનાથી વધુ વયના લોકો કે જેઓ ગંભીર બીમારીથી પીડિત છે તેમના માટે કોવિડ-૧૯ રસીના પ્રીકોશન ડોઝ માટે રજિસ્ટ્રેશન ૮ જાન્યુઆરીથી શરૂ થઈ ચૂક્યું છે. ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર, અને ગોવામાં ચૂંટણી ડ્યૂટી પર તૈનાત કર્મીઓને પણ ફ્રન્ટલાઈન વર્કર્સ ગણવામાં આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ રવિવારે ટ્વીટ કરીને કહ્યું કે પ્રીકોશન ડોઝ માટે એક કરોડથી વધુ ફ્રન્ટલાઈન વર્કર્સ અને વરિષ્ઠ નાગરિકોને એસએમએસ મોકલીને યાદ કરાવવામાં આવ્યું છે.

### સર્વે કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લાઈન, ગટર તેમજ વરસાદી પાણીના નિકાલની લાઈન, સ્ટ્રીટ લાઈટ, ઘન કચરાના નિકાલની વ્યવસ્થા, આરોગ્ય સેવા આંગણવાડીઓની સુવિધા, શાળાઓ તેમજ પંચાયત હસ્તકની મિલ્કતોનુ નવિનીકરણ, તળાવોનુ બ્યુટિફિકેશન, બગીચા, પશુ પાલન સેવા, ગેસ પાઈપલાઈન સંદર્ભે ગુડા દ્વારા કરવામાં આવેલા આયોજન અંગે માહીતી આપવામાં આવી હતી. તેમજ જરૂરિયાત મુજબ ખુટતી સુવિધાઓ પુરી પાડવા માટે પણ આયોજનની જાણકારી આપી હતી. ગુડાના ગામોમાં ખુટતી માળખાગત સુવિધાઓ પુરી પાડવા માટે સર્વે હાથ ધરવામાં આવશે જયોર ફેબ્રુઆરી સુધીમાં ટેન્ડર બહાર પાડીને કન્સલ્ટન્ટને નિમણુંક કરી સર્વે શરૂ કરી દેવાશે. ગ્રામ પંચાયત કક્ષાએથી પણ આ મામલે માહીતી પુરી પાડવા માટે જણાંવાયુ છે. જયારે સર્વેના અંતે ડી પી આર તૈયાર કરી ગુડામાં સમાવિષ્ટ ગામોમાં માળખાગત સુવિધા તેમજ વિકાસના કામો તેજ બનશે. કામોને અગ્રતા આપી ખુટતી સુવિધાઓ પુરી પાડવા માટે ગુડા ખર્ચ કરશે. જયારે વિવિધ કામોના અંતે તેની જાળવણી ગ્રામ પંચાયત કક્ષાએથી કરવાની રહેશે. બેઠક દરમિયાન ગામોના તલાટી સરપંચ પાસેથી પણ ખુટતી માળખાકીય સુવિધાઓની માહીતી મેળવવામાં આવી હતી. રાજયના વિવિધ સત્તા મંડળોમાં ગુડા આ પ્રકારની કામગીરી કરવામાં મોખરે રહેશે તેમ પણ ગુડાના સુત્રોએ જણાંવ્યુ છે.

### કાતિલ ઠંડી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કર્યુ છે. વારંવાર બદલાતા મોસમના મિજાજ વચ્ચે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં પણ વધઘટ જોવા મળે છે.ગઈકાલે ઠંડીનો પારો ૭.૩ ડીગ્રી પહોંચી ગયો હતો. એક જ દિવસમાં લઘુત્તમ તાપમાન ૮ ડીગ્રી સુધી નીચે સરકી ગયુ હતુ. જયારે આજે સતત બીજા દિવસે પણ ઠંડીનુ જોર યથાવત રહ્યુ હતુ. અલબત્ત આજે પણ ઠંડીનુ પ્રમાણ વધતા નગરજનો આકરી ઠંડીમાં ઠુંઠવાયા હતા. ઠંડીની અસરથી બચવા માટે શહેરીજનો ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરે છે. જયારે સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં સન્નાટો છવાઈ જાય છે. નગરના મુખ્યમાર્ગો પર પણ રાત્રિના ૮ વાગ્યા બાદ ટ્રાફિકની અવરજવર નહીંવત બની જાય છે. વહેલી સવારે મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ ઘટી ગઈ છે. એકબાજુ કોરોનાનુ સંક્રમણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે. કેસ વધતા આમ પણ સેકટરવાસીઓ કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી ત્યારે આકરી ઠંડીએ પણ સૌને ઘરમાં રહેવા મજબુર કર્યા છે. હજુ આગામી બે ત્રણ દિવસ ઠંડીનુ જોર વધુ રહેશે. જયારે ઉતરાયણ પુર્વે ઠંડીનો પારો નીચે ગગડતા નગરજનો આકરા કોલ્ડવેવમાં રાહત અનુભવશે તેમ પણ હવામાન તજજ્ઞો માની રહ્યા છે.

### ૬૪ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે દર્દીઓ દ્વારા હોમ આઈસોવલેશનનો વિકલ્પ સ્વીકારવામાં આવતાં તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે માટેની સૂચનાઓ જારી કરી છે.

ગાંધીનગર જિલ્લામાં આજે ૨૫૮ દર્દી એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૪૩૫૧ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનની પ્રથા અમલી બનાવવામાં આવી છે આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૯૯ જેટલા માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન છે. જિલ્લા આરોગ્યતંત્રએ ફરજીયાત માસ્ક, સલામત અંતર અને ક્વોરોન્ટાઈન તેમજ કન્ટેનમેન્ટ ઝોનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તેમજ ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવાની સૂચનાઓ આપી છે.